# Finance Minister Smt Nirmala Sitharaman and Finance Minister of Bhutan Mr Lyonpo Namgay Tshering jointly launch BHIM–UPI in Bhutan

July 13, 2021

# નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન અને ભુટાનના નાણામંત્રી લાઈઓન્પો નામગે શેરિંગે ભુટાનમાં સંયુક્ત રીતે ભીમ-યુપીઆઈ લોન્ચ કર્યું

જુલાઈ 13, 2021

વડાપ્રધાનની 2019ની ભુટાનની મુલાકાત વખતે બંને દેશો વચ્ચે કરવામાં આવેલી પ્રતિબદ્ધતા આ લોન્ચની સાથે પૂર્ણ થઈ

કેન્દ્રિય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન અને ભુટાનના માનનીય નાણામંત્રી લાઈઓન્પો નામગે શેરિંગે આજે બપોર પછી એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ભુટાનમાં ભીમ-યુપીઆઈ લોન્ચ કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી (નાણાં) ડૉ. ભાગવત કિશનરાવ કરાડ, ભુટાનની રોયલ મોનેટરી ઓથોરિટીના ગવર્નર દાશો પેન્જોર, નાણા સેવા વિભાગના સચિવ શ્રી દેબાશિષ પાંડા, ભુટાન ખાતે ભારતના રાજદૂત રુચિકા કંબોજ, ભારત ખાતે ભુટાનના રાજદૂત જનરલ વી. નામગયેલ અને એનપીસીઆઈના એમડી અને સીઈઓ દિલીપ અસ્બો સામેલ હતા.

આ પ્રસંગે વક્તવ્ય આપતા શ્રીમતી સીતારામને જણાવ્યું કે ભારતની નેબરહૂડ ફર્સ્ટ નીતિ હેઠળ ભુટાનમાં આ સેવા શરૂ કરવામાં આવી છે. ભારતને આપણી સિદ્ધિ બદલ ગર્વ છે અને અમારા મૂલ્યવાન પડોશી સાથે તેનું આદાનપ્રદાન કરતા આનંદ અનુભવે છે. નાણામંત્રીએ જણાવ્યું કે કોવિડ-19 મહામારી દરમિયાન ભીમ યુપીઆઈએ ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે સૌથી મહત્ત્વની સફળતા છે. છેલ્લા પાંચ વર્ષમાં 100 મિલિયનથી વધારે યુપીઆઈ ક્યુઆર રચાયા છે. 2020-21માં ભીમ યુપીઆઈએ 41 લાખ કરોડ રૂપિયાના મૂલ્યના 22 અબજ ટ્રાન્ઝેક્શનને પ્રોસેસ કર્યા છે.

ભુટાનના નાણામંત્રી લાઈઓન્પો નામગે શેરિંગે ભુટાનમાં ભીમ-યુપીઆઈ સેવાઓ લોન્ચ કરવા બદલ ભારત સરકારનો આભાર માન્યો હતો અને તેને બિરદાવી હતી. તેમણે ઉમેર્યું કે બંને દેશો વચ્ચેનું જોડાણ ઉતરોત્તર મજબૂત બની રહ્યું છે.

આ લોન્ચની સાથે ભારતના માનનીય વડાપ્રધાનની 2019ની ભુટાન યાત્રા વખતે બંને દેશો વચ્ચેની પ્રતિબદ્ધતા પૂર્ણ થાય છે. આ મુલાકાત બાદ ભારત અને ભુટાને એકબીજાના દેશમાં બે તબક્કામાં રુપે કાર્ડનો સ્વીકાર થાય તે માટે ઈન્ટર-ઓપરેબિલિટીને સક્ષમ બનાવી છે. પ્રથમ તબક્કામાં ભારતમાંથી ઈશ્યૂ થયેલા રુપે કાર્ડ ભુટાન સ્થિત ટર્મિનલમાં સ્વીકારાશે જ્યારે બીજા તબક્કામાં ભુટાનમાં ઈશ્યૂ થયેલા કાર્ડ ભારતસ્થિત ટર્મિનલમાં સ્વીકારાશે.

ભુટાનમાં આજે ભીમ-યુપીઆઈના લોન્ચ સાથે બંને દેશ વચ્ચે પેમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હવે ઝંઝટરહીત રીતે જોડાયેલું છે અને તેનાથી દર વર્ષે ભુટાન જતા ભારતીય પ્રવાસીઓ તથા બિઝનેસમેનને લાભ થશે. તેનાથી માત્ર એક બટનના સ્પર્શથી કેશલેસ ટ્રાન્ઝેક્શન થઈ શકશે જેનાથી રહેવામાં અને પ્રવાસ કરવામાં સરળતા રહેશે.

આ લોન્ચના ભાગરૂપે શ્રીમતી નિર્મલા સીતારામને એક ભુટાનીઝ ઓજીઓપી શોપમાંથી ઓર્ગેનિક ઉત્પાદન ખરીદવા માટે ભીમ-યુપીઆઈનો ઉપયોગ કરીને એક લાઈવ ટ્રાન્ઝેક્શન પણ કર્યું હતું. ઓજીઓપી શોપમાં ભુટાનના સ્થાનિક સમુદાય દ્વારા સજીવ રીતે બનાવાયેલ તાજા કૃષિ પેદાશોનું વેચાણ કરવામાં આવે છે.

ભુટાન એ યુપીઆઈ સ્ટાન્ડર્ડ અપનાવનાર અને તેનું ક્યુઆર લાગુ કરનારો પ્રથમ દેશ છે. તે ભીમ એપ દ્વારા મોબાઈલ આધારિત પેમેન્ટ સ્વીકારનાર આપણા પડોશનો પ્રથમ દેશ છે.

**નવી દિલ્હી**
**જુલાઈ 13, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.